**Divya Bhasker**, **Ahmedabad**, August 19, 2010

# ક્વિઝમાં થઈ આકરી પરીક્ષા

**ટાગોર હોલ ખાતે યોજાયેલી ટીસીએસ આઇટી વિઝ ૨૦૧૦ ક્વિઝ કોમ્પિટિશનમાં નવરચના સ્કૂલ બરોડાનો વિજય થયો હતો, જ્યારે અમદાવાદની સંત કબીર સ્કૂલ ફર્સ્ટ રનર્સ અપ રહી હતી**

**સિટી રિપોર્ટર »**

સ્ટુડન્ટ્સની આઇટી પ્રત્યેના નોલેજમાં વધારો થાય તેવા હેતુથી ટીસીએસ (ટાટા કન્સલ્ટન્સી સર્વિસિઝ) દ્વારા નેશનલ લેવલની ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ટીસીએસ આઇટી વિઝ ૨૦૧૦ની આ સ્પર્ધામાં ગુજરાતની



૨૦૦ જેટલી સ્કૂલોમાં પ્રાઇમરી રાઉન્ડ યોજાયો હતો. જેમાંથી ૬ સ્કૂલો વચ્ચે આજે ટાગોર હોલમાં નેશનલ લેવલ માટે કોમ્પિટિશન યોજાઇ હતી.

ટીસીએસ આઇટી વિઝ ૨૦૧૦ની ક્વિઝ કોમ્પિટિશનમાં વડોદરાની નવરચના સ્કૂલ નેશનલ લેવલની કોમ્પિટિશનમાં વિજેતા થઇ હતી. જ્યારે અમદાવાદની સંત કબીર સ્કૂલના હ્રદય અને કુશલ શાહ ફર્સ્ટ રનર્સ અપ રહ્યા હતા.

કોમ્પિટિશનમાં અમદાવાદની ડીપીએસ, સંતકબીર, પ્રકાશ હાયર સેકેન્ડરી, ઝાયડસ સ્કૂલ, એજી હાયર સેકન્ડરી સ્કૂલ અને વડોદરાની નવરચના સ્કૂલ એમ છ ટીમ હતી. ૧૦૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતા. અમદાવાદમાં યોજાયેલી ગુજરાત લેવલની કોમ્પિટિશનમાં વિજેતા અને ફર્સ્ટ રનર્સઅપ ટીમને ટ્રોફી અને મિની લેપટોપ આપવામાં આવ્યા હતાં. વિજેતા નવરચના સ્કૂલનો અભિનવ ગોયેલ કહે છે કે, 'આઇટી બેઇઝ આ કોમ્પિટિશન હોવાથી મેં અને મારા પાર્ટનર અંશુલ શાહે ટોપિક વહેંચી લીધા હતાં. આ પ્રકારની કોમ્પિટિશનથી જનરલ નોલેજ વધે છે.